પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 15/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે આજે રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્તદાનને માનવતાની સર્વોચ્ચ સેવા ગણાવી.**
3. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી.**
4. **ભાવનગરમાં માર્કેટિંગ યાર્ડના નામે બે કરોડ રૂપિયાની છેતરપિંડી કરનાર ત્રણ શખ્સની ધરપકડ.**
5. **અંડર-19 એશિયા કપ ક્રિકેટની ફાઇનલમાં સુરેન્દ્રનગરના મોહિત ઉલવાનું શાનદાર પ્રદર્શન**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

JANJATIYA GAURAV DIVAS

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતી નિમિત્તે આજે રાજ્યભરમાં જનજાતીય ગૌરવ દિવસની ઉજવણી કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ છોટા ઉદેપુર અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વલસાડ ખાતે થનારી ઉજવણીમાં સહભાગી થશે.

સાંભળીએ એક અહેવાલ.....

VOICE CAST: MAYUR SOLANKI

(ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીની રાજ્ય કક્ષાની ઉજવણી છોટાઉદેપુર જિલ્લામાં થશે. રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓ, 20 બિન આદિજાતિ જિલ્લાઓ અને 17 મહાનગરપાલિકામાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોની ઉપસ્થિતિમાં વિવિધ જાહેર સભાઓ યોજાશે. મંત્રીઓની ઉપસ્થિતિમાં યોજાનાર આ ઉજવણી અંતર્ગત રાજ્યમાં બે હજાર 300 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉપરાંત, આદિવાસી સમાજની માંગણીને સંતોષી આ વર્ષે 18 હજાર 828થી વધુ લાભાર્થીઓને 7/12ની નોંધ સાથેના જમીનના અધિકારપત્રો એનાયત કરવામાં આવશે. મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ.)

JANJATIY GAURAV DISTRICT

ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતી નિમિત્તે ગઇકાલે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તમામ આદિજાતિ ગ્રામ પંચાયત તથા આદિજાતિ વિભાગની તમામ નિવાસી શાળા અને છાત્રાલયોમાં દીપોત્સવનો કાર્યક્રમ યોજાયો.

છોટાઉદેપુરમાં વસેડી જૂથ ગ્રામ પંચાયત ખાતે ભજન મંડળી અને દિપોત્સવ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીમાં જોડાવવા લોકોને અપીલ કરી હતી.

BYTE – NARESH PATEL, CABINET MINISTER

ડાંગમાં નાણામંત્રી કનુ દેસાઈની ઉપસ્થિતિમાં 'આદિજાતિ ગૌરવ દિવસ' અંતર્ગત ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો. તો તાપીમાં ડોલવણના ગડત ગામે યોજાયેલા કાર્યક્રમમાં ગ્રામજનોને ભગવાન બિરસા મુંડાના જીવન-કવનથી માહિતગાર કરાયા હતા.

CM BLOOD DONATION

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્તદાનને માનવતાની સર્વોચ્ચ સેવા ગણાવી. અમદાવાદ ખાતે ઇન્ડિયન સોસાયટી ઓફ હેમેટોલોજી એન્ડ બ્લડ ટ્રાન્સફ્યુઝનની 67મી રાષ્ટ્રીય પરિષદ 'હેમેટોકોન-2026'ના ઉદ્ઘાટન પ્રસંગે તેમણે આ વાત કહી.

ઈ-રક્તકોષ ડિજિટલ પ્લેટફોર્મનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, ટેક્નોલોજીના ઉપયોગથી રક્તની ઉપલબ્ધતા અંગેની માહિતી એક જ સ્થળેથી મેળવી શકાય છે, જે દર્દીઓ અને તેમના પરિવારજનો માટે ઉપયોગી બની રહી છે.

BYTE: CM BHUPENDRA PATEL

SANGHVI REVIEW

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી. ગાંધીનગર ખાતે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે યોજાયેલી આ બેઠકમાં માદક પદાર્થ સામેની ઝુંબેશ અને જાહેર સલામતીને મજબૂત બનાવવા પર ભાર આપવામાં આવ્યો.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી સંઘવીએ જણાવ્યું કે, માદક પદાર્થ સામેની લડતને વધુ તીવ્ર બનાવવા અને 'ડ્રગ-મુક્ત ગુજરાત' તરફ આપણી સામૂહિક પ્રતિબદ્ધતાને આગળ વધારવા પર પણ વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું.

BHAVNAGAR FRAUD

ભાવનગરમાં માર્કેટિંગ યાર્ડના નામે બનાવટી બેંક એકાઉન્ટ અને પેઢીઓ ઊભી કરી બે કરોડ રૂપિયાની હેરાફેરીનું કૌભાંડ સામે આવ્યું છે. પાલીતાણા અને તળાજા તાલુકાના માર્કેટિંગ યાર્ડનાં બનાવટી લેટરપેડનો ઉપયોગ કરીને લાખો રૂપિયાના વ્યવહાર કરાતાં હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

આ સમગ્ર મામલે **SOG** પોલીસે તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસના આધારે ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

JAMNAGAR MILK

જામનગરના કાલાવડમાંથી 486 લીટર શંકાસ્પદ ભેળસેળયુક્ત દૂધ ઝડપાયું છે. પોલીસ દ્વારા ચોક્કસ બાતમીના આધારે કાલાવડના હરિપર મેવાસા ગામમાં દરોડો પાડીને આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ ઉપરાંત, દૂધમાં ભેળસેળ કરવા માટે ઉપયોગમાં લેવાતું 75 કિલોગ્રામ વનસ્પતિ ઘી અને 44 કિલોગ્રામ મિલ્ક પાવડર પણ સ્થળ પરથી કબજે કરાયો છે. અધિકારીઓ દ્વારા શંકાસ્પદ દૂધના જરૂરી નમૂના લઈ લેબોરેટરી તપાસ અર્થે મોકલવામાં આવ્યા છે, જ્યારે બાકીના શંકાસ્પદ દૂધના જથ્થાનો સ્થળ પર જ નાશ કરાયો હતો.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

CHHATH PUJA

આજે છઠ પૂજાના ત્રીજા દિવસે ભગવાન સૂર્યને સંધ્યા અર્ઘ્ય સમર્પિત કરાશે. આજના દિવસે લોકો નદી કિનારે કે જળાશયો પર વાંસની ટોપલીમાં ઠેકુઆ, શેરડી અને ફળોનો પરંપરાગત પ્રસાદ ભગવાનને અર્પણ કરશે.

રાજ્યના વિવિધ સ્થળોએ છઠ પૂજાને લઈને વિશેષ ઘાટ સહિતની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

AHMEDABAD CHHATTH POOJA

અમદાવાદમાં છઠ પૂજા અગાઉ પોલીસ કમિશનર અનુપમ સિંહ ગેહલોતે સાબરમતી નદી અને ઇન્દિરા બ્રિજ પર સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું. તેમણે કહ્યું કે, પાંચ જેટલા ઘાટ તૈયાર કરવામાં આવ્યા છે અને વરિષ્ઠ અધિકારીઓની દેખરેખ હેઠળ હજારો પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ્સ અને ટ્રાફિક સ્ટાફ તૈનાત કરવામાં આવશે.

BYTE: ANUPAM SINGH GEHLOT, POLICE COMMISSIONER

ACCEDENT

ભાવનગરમાં અકસ્માતમાં એકનું મોત, જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં માછીમારી દરમિયાન એકનું મોત થયું છે.

ભાવનગર જિલ્લામાં દર્શનાર્થે જઈ રહેલા પરિવારને અકસ્માત નડ્યો હતો. બોલેરો પિકઅપ વાહનની પાછળની વાડ ખુલી જવાથી વાહન પાછળ બેઠેલા મુસાફરો રોડ પર પટકાયા હતા, જેમાં એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે અન્યોને સામાન્ય ઇજા પહોંચી હતી.

બીજી તરફ દીવમાં માછીમારી દરમિયાન અચાનક ચક્કર આવતાં એક આડેધ દરિયામાં પડી ગયા હતા. આ દરમિયાન બોટના મશીનનો પંખો માથામાં વાગતા તેમનું મોત થયું હતું.

BOTAD HANUMAN TEMPLE

બોટાદના સુપ્રસિદ્ધ કષ્ટભંજન હનુમાન મંદિરમાં દિવાળીથી અત્યાર સુધીમાં 10 લાખથી વધુ ભક્તોએ દર્શનનો લ્હાવો લીધો છે. ગઇકાલે લાભ પાંચમના દિવસે પણ હજારો ભક્તોની ભીડ દર્શન માટે ઉમટી પડી હતી.

આ અંગે એક શ્રદ્ધાળુએ પ્રતિક્રિયા આપી.

BYTE: DEVOUT BOTAD SARANGPUR

WEATHER FC

રાજ્યમાં આગામી 7 દિવસ હવામાન સૂકું રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની નહિવત સંભાવના છે. જો કે મહત્તમ તાપમાનમાં થોડો ઘટાડો જોવા મળી શકે છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન વડોદરામાં 17 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોંધાયું છે.

BYTE: RAMASHRAY YADAV, IMD

CRICKET MOHIT ULVA

ઓમાનમાં રમાયેલી ક્રિકેટ અંડર-19 એશિયા કપની ફાઇનલમાં સુરેન્દ્રનગરના મોહિત ઉલવાએ શાનદાર પ્રદર્શન કર્યું. એક સમયે પાકિસ્તાનની જીત નિશ્ચિત લાગી રહી હતી ત્યારે 10મા નંબરે બેટિંગ કરવા ઉતરેલા લખતરના વતની અને હાલ રાજકોટ રહેતા મોહિતે મેચનું આખું ચિત્ર બદલી નાખ્યું.

મોહીત ઉલવાએ મેદાન પર ઉતરતા જ આક્રમક અંદાજ બતાવ્યો. તેણે મનલ ચૌહાણ સાથે મળીને 57 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરી અને છેલ્લી વિકેટ માટે ચિગુરૂપતી વેંકટ સાથે 30 રન જોડીને અશકય લાગતી જીતને હકીકતમા ફેરવી દીધી.

શાનદાર બેટિંગનું પ્રદર્શન કરતાં માત્ર 26 બોલમાં અણનમ 49 રનની તોફાની ઇનિંગ રમી હતી અને પોતાની ટીમને ખિતાબી જીત અપાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી.

CRICKET - IND VS NZ

પુરુષ ક્રિકેટમાં, માઉન્ટ મૌંગાનુઈ ખાતે ભારત સામેની શ્રેણીની અંતિમ એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. આ મેચ થોડીવારમાં શરૂ થશે.

ભારત શ્રેણીમાં **2-1**થી આગળ છે. એક દિવસીય શ્રેણીના સમાપન બાદ, બંને ટીમો ગુરુવારથી શરૂ થતી બે મેચની ટેસ્ટ શ્રેણીમાં એકબીજા સામે ટકરાશે.